અનુસંધાન ... પાના પહેલાનું

અમેરિકન સુપ્રીમ...

સાબિત થશે. પરંતુ કાયદાકીય વિરોધ સમગ્ર રાજકીય ફલક પર જોવા મળ્યો હતો, જેમાં લિબર્ટિયન અને વ્યવસાય તરફી જૂથોનો પણ સમાવેશ થાય છે જે સામાન્ય રીતે રિપબ્લિકન પાર્ટી સાથે જોડાયેલા હોય છે. મતદાનમાં જાણવા મળ્યું છે કે મોંઘવારી અંગેની વ્યાપક ચિંતાઓ વચ્ચે જનતામાં ટેરિફ (આયાત જકાત) બહુ લોકપ્રિય નથી.

બંધારણ કોંગ્રેસને ટેરિફ લાદવાની સત્તા આપે છે. પરંતુ ટ્રમ્પ વહીવટીતંત્રે એવી દલીલ કરી હતી કે ૧૯૭૭નો એક કાયદો, જે પ્રમુખને કટોકટી દરમિયાન આયાત પર નિયંત્રણ રાખવાની મંજૂરી આપે છે, તે તેમને ટેરિફ નક્કી કરવાની સત્તા પણ આપે છે. અન્ય પ્રમુખોએ આ કાયદાનો ડઝનેક વાર ઉપયોગ કર્યો છે, જે અવારનવાર પ્રતિબંધો લાદવા માટે કરવામાં આવ્યો છે, પરંતુ ટ્રમ્પ આયાત વેરા માટે તેનો ઉપયોગ કરનાર પ્રથમ પ્રમુખ હતા.

ટ્રમ્પે એપ્રિલ ૨૦૨૫ માં મોટાભાગના દેશો પર રેસીપ્રોકલ (વળતા પગલાના) ટેરિફ લાદ્યા હતા જેથી વેપાર ખાધને પહોંચી શકાય, જેને તેમણે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી હતી. આ અગાઉ તેમણે કેનેડા, ચીન અને મેક્સિકો પર પણ જકાત લાદી હતી, જે કથિત રીતે ડ્રગ ટ્રાફિકિંગ (નશીલા પદાર્થોની હેરાફેરી)ની કટોકટીને ઉકેલવા માટે હતી.

ત્યારબાદ શ્રેણીબદ્ધ મુકદમાઓ થયા, જેમાં મુખ્યત્વે ડેમોક્રેટિક તરફી એક ડઝન રાજ્યો અને પ્લમ્બિંગ સપ્લાયથી લઈને શૈક્ષણિક રમકડાં અને મહિલાઓના સાયકલિંગ કપડાં વેચતા નાના વેપારીઓના કેસનો સમાવેશ થાય છે.

શિવાજી જયંતિ પર...

શોભાયાત્રામાં મોટા અવાજે સંગીત અને સૂત્રોચ્ચારને લઈને બે જૂથો વચ્ચે ઘર્ષણ થયું હતું. જોકે, પોલીસે ત્વરિત કાર્યવાહી કરી મામલો થાળે પાડ્યો હતો.

મધ્યપ્રદેશના જબલપુરમાં એક દુર્ગા મંદિર સંકુલમાં તોડફોડની આશંકાને પગલે પથ્થરમારો અને અથડામણ થઈ હતી. મંદિરની આરતી અને મસ્જિદની નમાઝનો સમય એકસાથે હોવાથી તણાવ સર્જાયો હતો. કલેક્ટર રાઘવેન્દ્ર સિંહે જણાવ્યું કે કોઈ ધાર્મિક સ્થળને નુકસાન થયું નથી.

પત્નીને મારો,...

અખુંદઝાદા દ્વારા હસ્તાક્ષર કરાયેલા 90 પાનાના દસ્તાવેજ હેઠળ, ધાર્મિક નેતાઓને ટોચ પર રાખવામાં આવ્યા છે, ત્યારબાદ ભદ્ર વર્ગ, મધ્યમ વર્ગ અને છેલ્લે નીચલા વર્ગનો સમાવેશ થાય છે. આ નવી જ્ઞાતિ-આધારિત વ્યવસ્થાનો અર્થ એ છે કે જો કોઈ ધાર્મિક વિદ્વાન ગુનો કરે છે, તો તેની મહત્તમ સજા માત્ર 'ચેતવણી' અથવા 'સલાહ' છે. સામાજિક ભદ્ર વર્ગના સભ્યોને સલાહ અને સંભવિત કોર્ટ સમન્સ મળી શકે છે, જ્યારે મધ્યમ વર્ગના લોકોએ જેલની સજા ભોગવવી પડી શકે છે. નીચલા વર્ગ માટે, સજામાં જેલ અને શારીરિક સજા બંનેનો સમાવેશ થઈ શકે છે. આ સંહિતામાં મહિલાઓને ગુલામોના સમાન સ્તરે ગણવામાં આવી છે, જેમાં એવી જોગવાઈઓ છે જે ગુલામ માલિકો અથવા પતિઓને તેમની પત્નીઓ કે હાથ નીચેની વ્યક્તિઓને માર મારવા સહિતની મનસ્વી સજા કરવાની મંજૂરી આપે છે. કાયદાના આ પાસાએ માનવ અધિકાર જૂથોમાં ભારે ચિંતા પેદા કરી છે. અફઘાન પ્રજા આ નવી દંડસંહિતાની જાહેરમાં ચર્ચા કરતા ગભરાય છે કારણ કે તાલીબાનોએ આની જાહેરમાં ચર્ચા કરવાની પણ મનાઈ ફરમાવી હોવાનું કહેવાય છે.

અમેરિકાની આગેવાની...

ઈમ્પેક્ટ સમિટ'ના એક સમારોહમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી અશ્વિની વૈષ્ણવ, આર્થિક બાબતોના યુએસ અંડર સેક્રેટરી જેકબ હેલબર્ગ અને ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોર ઉપસ્થિત રહ્યા હતા. ગઠબંધનમાં જોડાવાનો આ નિર્ણય બંને પક્ષો દ્વારા પ્રસ્તાવિત વેપાર કરારને અંતિમ ઓપ આપવા અને લાંબા સમયના ગંભીર તણાવ બાદ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા માટે લેવામાં આવેલા અન્ય પ્રયાસો વચ્ચે લેવામાં આવ્યો છે. સર્જિયો ગોરે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, વેપાર કરારથી લઈને પેક્સ સિલિકા અને સંરક્ષણ સહયોગ સુધી, આપણા બંને દેશો માટે સાથે મળીને કામ કરવાની ક્ષમતા ખરેખર અમર્યાદિત છે. અમેરિકી રાજદૂતે ઉમેર્યું હતું કે ભારતનું પેક્સ સિલિકામાં પ્રવેશવું એ માત્ર એક પ્રતીકાત્મક પગલું નથી પરંતુ એક વ્યૂહાત્મક કદમ છે જે દ્વિપક્ષીય સંબંધોના એકંદર માર્ગને વધુ મજબૂત બનાવશે. યુએસ અંડર સેક્રેટરી હેલબર્ગે ભારતના આ નિર્ણયને આવકાર્યો હતો અને પેક્સ સિલિકાને સપ્લાય ચેઈનમાં થતી બળજબરી અને બ્લેકમેલ વિરુદ્ધની એક પહેલ ગણાવી હતી, જે દેખીતી રીતે ચીન તરફનો ઈશારો હતો. જો કે હેલબર્ગે કોઈ દેશનું નામ લીધું ન હતું, પરંતુ તે લગભગ સ્પષ્ટ હતું કે તેમની ટિપ્પણીઓ દુર્લભ ખનિજો અને સંબંધિત ઉત્પાદનો પર ચીનના નિકાસ નિયંત્રણો તરફ નિર્દેશિત હતી. ચીન આ દુર્લભ ખનિજોના પ્રવાહને નિયંત્રિત કરી રહ્યું છે, જેનો ઉપયોગ ઈલેક્ટ્રોનિક્સ, સ્વચ્છ ઉર્જા, એરોસ્પેસ, ઓટોમોટિવ અને સંરક્ષણ ક્ષેત્રો સહિતની વિશાળ શ્રેણીમાં થાય છે.

નિર્ણાયક ખનિજો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે સુરક્ષિત, સ્થિતિસ્થાપક અને નવીનતા-સંચાલિત સપ્લાય ચેઈન બનાવવા માટે ડિસેમ્બરમાં આ પહેલ શરૂ કરવામાં આવી હતી. ૧૨ ડિસેમ્બરે વોશિંગ્ટનમાં 'પેક્સ સિલિકા સમિટ' યોજાઈ હતી જ્યાં ભાગીદાર દેશોએ પેક્સ સિલિકા જાહેરનામા પર હસ્તાક્ષર કર્યા હતા.

માર્ચમાં હસ્તાક્ષર...

ગ્રીયર કરાર પર હસ્તાક્ષર કરવા માટે માર્ચમાં ભારત આવે તેવી શક્યતા છે. અહીં 'AI ઈમ્પેક્ટ સમિટ' ના એક કાર્યક્રમમાં અમેરિકી રાજદૂત સર્જિયો ગોરે જણાવ્યું હતું કે ભારત-અમેરિકા વેપાર સોદો ટ્રેક સમયમાં પૂર્ણ થવા જઈ રહ્યો છે. ભારતે શુક્રવારે અમેરિકાના નેતૃત્વવાળા વ્યૂહાત્મક ગઠબંધન 'પેક્સ સિલિકા'માં જોડાણ કર્યું છે, જેનો ઉદ્દેશ્ય જટિલ ખનિજો માટે મજબૂત સપ્લાય ચેઈન બનાવવાનો છે. ગોરે તેમના સંબોધનમાં કહ્યું, વેપાર સોદાથી લઈને પેક્સ સિલિકા અને સંરક્ષણ સહયોગ સુધી, આપણા બંને દેશો માટે સાથે મળીને કામ કરવાની ક્ષમતા ખરેખર અમર્યાદિત છે.

દિલ્હી AI સમિટમાં...

સૂત્રોચ્ચાર કર્યા હતા. આ અણધાર્યા વિરોધને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરની આ સમિટમાં અફરાતફરી મચી ગઈ હતી, જોકે સુરક્ષાકર્મીઓએ તાત્કાલિક દખલગીરી કરીને આશરે 10 જેટલા કાર્યકર્તાઓની અટકાયત કરી તેમને તિલક માર્ગ પોલીસ સ્ટેશન ખસેડ્યા હતા.

ભારતીય જનતા પાર્ટીએ આ ઘટનાની આકરી ટીકા કરતા આરોપ લગાવ્યો હતો કે રાહુલ ગાંધીના ઈશારે ભારતની વૈશ્વિક છબી ખરડવા માટે આ પ્રકારનો હંગામો કરવામાં આવ્યો છે. ભાજપના નેતા સંબિત પાત્રાએ કોંગ્રેસ પર કટાક્ષ કરતા તેને 'ટોપલેસ, બ્રેઈનલેસ અને શેમલેસ' ગણાવી હતી, જ્યારે કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આ કૃત્યને 'દેશદ્રોહ' સમાન ગણાવ્યું હતું. બીજી તરફ, યુથ કોંગ્રેસે સોશિયલ મીડિયા પર આ વિરોધનો વીડિયો શેર કરતા તર્ક આપ્યો હતો કે જ્યારે મીડિયા અને સોશિયલ મીડિયા પર અવાજ દબાવવામાં આવતો હોય, ત્યારે તેમની પાસે વિરોધ નોંધાવવા માટે આ સિવાય બીજો કોઈ રસ્તો બચ્યો નથી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ એઆઈ સમિટની વિરુદ્ધ નથી.

પશ્ચિમ રેલવે સાપ્તાહિક હોળીની સ્પેશિયલ ટ્રેન ચલાવાશે

ટ્રેન નં.	મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન	સેવાની તારીખ	પ્રસ્થાન	આગમન
09075	મુંબઈ સેન્ટ્રલ - કાઠગોડામ (સુપરફાસ્ટ)	25.02.2026 to 25.03.2026	10:55 કલાક (બુધવાર)	14:30 (બીજા દિવસે)
09076	કાઠગોડામ - મુંબઈ સેન્ટ્રલ (સુપરફાસ્ટ)	26.02.2026 to 26.03.2026	17:30 કલાક (ગુરુવાર)	21:00 (બીજા દિવસે)
હોલ્ટ: બોરીવલી, વાપી, વલસાડ, સુરત, વડોદરા, રતલામ, કોટા, ગંગાપુર સિટી, હિંદૌન સિટી, ભરતપુર, અછનેરા, મથુરા, હથરસ સિટી, કાસગંજ, બદાઉ, બરેલી જં., બરેલી સિટી, ઇજ્જતનગર, બહેરી, કિચ્છા, લાલકુઆં, હલ્દવાની સ્ટેશનની બંને બાજુ				
કમ્પોઝીસન: એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ				
09185	મુંબઈ સેન્ટ્રલ - કાનપુર અનવરગંજ (સુપરફાસ્ટ)	22.02.2026 to 29.03.2026	10:55 કલાક (રવિવાર)	15:35 કલાક (બીજા દિવસે)
09186	કાનપુર અનવરગંજ - મુંબઈ સેન્ટ્રલ (સુપરફાસ્ટ)	23.02.2026 to 30.03.2026	18:25 કલાક (સોમવાર)	22:30 કલાક (બીજા દિવસે)
હોલ્ટ: બોરીવલી, વાપી, વલસાડ, વડોદરા, રતલામ, કોટા, ગંગાપુર સિટી, ભરતપુર, મથુરા જં., મથુરા કન્ટ, હથરસ સિટી, કાસગંજ, ફરુખાબાદ, કન્નોજ, બિલ્હૌર સ્ટેશનની બંને બાજુ નોંધ: ટ્રેન નં. 09185 સુરત સ્ટેશન પર પણ રોકાશે.				
કમ્પોઝીસન: એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ				
09023	બાંદ્રા ટર્મિનસ-પાલિતાણા	27.02.2026	21:45 કલાક (શુક્વાર)	12:00 કલાક (બીજા દિવસે)
09024	પાલિતાણા - બાંદ્રા ટર્મિનસ	01.03.2026	20:00 કલાક (રવિવાર)	12:00 કલાક (બીજા દિવસે)
હોલ્ટ: બોરીવલી, વાપી, વલસાડ,સુરત, વડોદરા, અમદાવાદ, બોટાદ, ધોળા, સોનગઢ અને સિહોર ગુજરાત સ્ટેશનની બંને દિશામાં.				
કમ્પોઝીસન: એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ				
03418	ઉધના-માલ્ડા ટાઉન	02.03.2026 to 23.03.2026	12:30 કલાક (સોમવાર)	05:55 કલાક (બુધવાર)
03417	માલ્ડા ટાઉન- ઉધના	28.02.2026 to 21.03.2026	12:15 કલાક (શનિવાર)	02:15 કલાક (સોમવાર)
હોલ્ટ: ચાલથાન, વ્યારા, નવાપુર, નંદુરબાર, દોંદાઈચા, અમલનેર, ભુસાવળ, ઇટારસી, પિપરિયા, મદાન મહ્લાર, કટની, સતના, મણિકપુર, પ્રયાગરાજ છેવોકી, પંડિત દિન દયાલ ઉપાધ્યાય, સાસારામ, ગયા, તિલૈયા, નવાડા, શેખપુરા, કિયુલ, અભેપુર, જામાલપુર, સુલતાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બરહરવા, ન્યૂ ફરક્કા સ્ટેશનની બંને દિશામાં				
કમ્પોઝીસન: એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ				

ટ્રેન નં. 09575/09576 રાજકોટ - મહબૂબનગર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન 30/03/2026 અને 31/03/2026 સુધી લંબાવામાં આવી છે

સ્ટોપેજ સ્ટોપના સમય અને રચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ટ્રેન નં. 09075, 09185, 09023, 09024 અને 03418ની વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ 21-02-2026 થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
લાઈક કરો અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો.

જાહેરનામું
ગુજરાત સરકાર
મહેસુલ, વિભાગ સચિવાલય, ગાંધીનગર

(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩)
(૨૦૧૩ નો ૩૦મો)

જિલ્લો :- વલસાડ
ક્રમાંક :-અમ-મ-૨૦૨૬-૧૩૨ -જવલ-૧૮૨૦૨૫-૧૨૦૧-ઘ તા. 06 FEB 2026

આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે,''દક્ષિણ ગુજરાત વીજ કંપની લે.ની પારડી ગ્રામ્ય અને પારડી શહેર પેટા વિભાગીય કચેરીના નવીન મકાનના બાંધકામ'' (જેનો આમાં હવે પછી જાહેર હેતુની યોજના એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ના આંતર માળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટે જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. હવે જ્યારે, તા.૨૨/૦૭/૨૦૨૫ના રોજ ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૪૬૮-જવલ-૧૮૨૦૨૫-૧૨૦૧-૫, તા.૨૨.૦૭.૨૦૨૫થી ગુજરાત સરકારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી ''સદરહુ અધિનિયમ'' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૦એ [(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર (ગુજરાત સુધારો) અધિનિયમ, ૨૦૧૬) (૨૦૧૬ ના ગુજરાત અધિનિયમ નં-૧૨ ની કલમ-૩ થી દાખલ કરેલ)] થી મળેલ અધિકારો અન્વયે, રાજય સરકારે, જાહેર હિતમાં ''દક્ષિણ ગુજરાત વીજ કંપની લે.ની પારડી ગ્રામ્ય અને પારડી શહેર પેટા વિભાગીય કચેરીના નવીન મકાનના બાંધકામ'' માટે સંપાદન કરવાની નીચે જણાવેલ અનુસૂચિત ક્ષેત્રફળની જમીનને, ''સદરહુ અધિનિયમ'' ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઇઓની અમલવારીમાંથી મુક્તિ આપેલ છે, અને
૨. હવે જ્યારે, રાજ્ય સરકારે, ''સદરહું અધિનિયમ''ની કલમ-૪૩ની પેટા કલમ-(૧)થી મળેલ અધિકારોની રૂએ જાહેરનામા ક્રમાંકઃઅમ-મ-૨૦૨૫-૫૩૫-જવલ-૧૮૨૦૨૫-૧૨૦૧-૫ તા.૧૩.૦૮.૨૦૨૫થી પ્રાંત અધિકારીશ્રી, પારડીને ઉલ્લેખિત આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટેની અનુસૂચિત વિસ્તારના જમીનના સંપાદનના સંબંધમાં પુનઃસ્થાપન અને પુનઃવસનના વહીવટદાર તરીકે નિમણૂંક કરેલ છે, અને
૩. હવે જ્યારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી ''સદરહુ અધિનિયમ'' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૧ ની પેટા કલમ-(૧)થી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકારે જાહેરનામા ક્રમાંકઃઅમ-મ-૨૦૨૫-૫૩૫-જવલ-૧૮૨૦૨૫-૧૨૦૧-ઘ તા.૧૩.૦૮.૨૦૨૫થી ઉક્ત જમીનો, ઉપરોક્ત સાર્વજનિક હેતુ માટે જરૂરી છે, તેમ જાહેર કરેલ છે, અને
૪. હવે જ્યારે, ''સદરહુ અધિનિયમ'' ની કલમ- ૧૫ ની પેટા કલમ- ૨ નીચેના જિલ્લા કલેકટર, વલસાડના અહેવાલને વિચારણામાં લીધા બાદ, રાજ્ય સરકારને એવો સંતોષ થયેલ છે કે, સદરહું અનુસૂચિત જમીનો સદરહુ ''જાહેર હેતુની યોજના'' માટે જરૂરી છે, અને
૫. તેથી હવે, ''સદરહુ અધિનિયમ'' ની કલમ- ૧૯(૧) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર કરે છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ ''જાહેર હેતુની યોજના'' માટે જરૂરી છે.
૬. ગુજરાત સરકાર, ''સદરહુ અધિનિયમ''ની કલમ-૩(૪) થી મળેલ સત્તા અન્વયે, ઉક્ત જમીનોના સંબંધમાં, ''સદરહુ અધિનિયમ'' નીચે હવે પછી કલેકટર તરીકે કરવાના તમામ કાર્યો બજાવવા માટે પ્રાંત અધિકારીશ્રી, પારડીની નિમણૂક કરેલ છે.
૭. સદરહુ અનુસૂચિત જમીનોના નકશા, પ્રાંત અધિકારીશ્રી, પારડીની કચેરી ખાતે તપાસી શકશે.

અનુસૂચિ
મોજેઃ ઉમરસાડી તાઃ પારડી જી.વલસાડ

અ. નં.	નવો સર્વે નંબર	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)
૧	૧૮૨૩	૦૦-૦૧-૫૨
૨	૧૮૩૧	૦૦-૧૪-૭૪
૩	૧૮૨૯	૦૦-૦૧-૭૭
	કુલ ક્ષેત્રફળઃ	૦૦-૧૮-૦૩

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
(પ્રેરક જે. પટેલ)
સરકારના નાયબ સચિવ
નં.માહિતી/વલસાડ/૯૦૩/૨૦૨૬

સુરત વન વિભાગ સુરત
જાહેર નિવિદા
વેટરનરી ડોકટર-૧ની સેવા પુરી પાડવા બાબત..

બર્ડ હોસ્પિટલ અને સારવાર કેન્દ્ર, ડુમસ, સુરત તેમજ વન્યપ્રાણી પુનઃવર્સન અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, મુ. ખોડંબા, તા.માંડવી તથા 'વન્યપ્રાણી પુનઃવર્સન અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, મુ.ઝંખવાવ, તા.માંગરોળ ખાતે વન્યપ્રાણી અને પક્ષીઓની સારવાર માટે (૧૧-અગિયાર માસનાં કરાર આધારીત)વેટરનરી ડોકટર-૧ની જરૂરીયાત છે. જે માટે નીચેની લાયકાત ધરાવતાં ઇચ્છુક ઉમેદવારોએ તેમની અરજી મોડામાં મોડી તા. ૦૫/૦૩/૨૦૨૬નાં રોજ ૧૧ઃ કલાક સુધીમાં નીચેનાં સરનામે મળે તે રીતે રજુ કરવાની રહેશે. અને લાયકાત ધરાવતાં ઉમેદવારે તે જ દિવસે ૧૨ઃ૦૦ કલાકે નીચેનાં સરનામે ઇન્ટરવ્યુ માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર થવાનું રહેશે.

અ. નં.	જગ્યાનું નામ	માસીક પગાર	લાયકાત
૧	વેટરનરી ડોકટર-૧	૪૦,૦૦૦/- +મુસાફરી ભથ્થુ	B.V.Sc. & A.H. M.V.Sc. (ક્લીનીકલ સબ્જેક્ટ્સ) અનુભવ ધરાવતાં ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.

અરજી રજુ કરવા તથા ઇન્ટરવ્યુ માટે સ્થળ અને સરનામું
સરનામુંઃ જિલ્લા વાઇલ્ડલાઇફ વોર્ડન અને નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, સુરત વન વિભાગ, સુરત
'વન ભવન' ગ્રાઉન્ડ ફ્લોર,
ગંગેશ્વર મહાદેવ રોડ, શિવાજી ચોક, ડી-માર્ટની સામે
અડાજણ,સુરત-૩૯૫૦૦૯.
ફોન નં.: ૦૨૬૧-૨૭૩૩૮૨૫ મો.નં.૯૬૬૨૩૪૧૭૭૮
- સહી -
નાયબ વન સંરક્ષક
સુરત વન વિભાગ,સુરત
ક્રમાંક : માહિતી-સૂરત/૧૫૨૩/૨૦૨૬

RAJHANS®
એકશન, સંવાદો, મ્યુઝીકલ ફિલ્મ
ગોપીતળાવ નવસારી બજાર, સુરત
ઓ રોમિયો ૯.૪૦, ૧.૦૦, ૨.૦૦, ૫.૩૦, ૭.૦૦, રાત્રે ૯.૩૦, ૧૦.૩૦
અસ્સી ૯.૩૦, ૨.૩૦, ૭.૩૦
શતક ૧૨.૦૦, ૫.૦૦, રાત્રે ૧૦.૧૫
બેહદ ગુજરાતી ૪.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
ડ્રફ્ટી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
Book Tickets Now from : bookmyshow.com paytm
: 99984 46007
: @applecinemasurat
દો દિવાને શહર મેં ૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૦, ૧.૨૦, ૨.૨૦, ૫.૦૦, ૬.૨૦, ૭.૪૦, રાત્રે ૯.૦૦, ૧૦.૧૫, ૧૧.૧૫
શતક ૯.૧૫, ૧૧.૨૫, ૨.૨૫, ૪.૩૦, ૭.૦૦ રાત્રે ૮.૦૦, ૯.૧૦, ૧૦.૨૦
ઓ રોમિયો ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૨૫, ૧૨.૨૦, ૧.૨૦, ૨.૧૦, ૩.૪૦, ૪.૪૦, ૬.૪૦, રાત્રે ૯.૩૦, ૧૦.૧૦, ૧૧.૦૦
બોર્ડર-૨ ૧૦.૩૦, ૨.૪૦, ૪.૦૦,રાત્રે ૧૦.૦૦
મર્દાની-૩ ૯.૦૦, ૫.૩૦, ૭.૪૦
લગન લાગી રે ગુજરાતી : ૧૧.૨૫, ૧.૩૦, રાત્રે ૮.૦૦
બેહદ ગુજરાતી ૯.૦૦, ૭.૦૦
લાલો : શ્રીકૃષ્ણ સદા સહાયતે ગુજરાતી ૪.૩૦

રોશ્સચાઈલ્ડ કંપનીને ભારતમાં પ્રવેશ આપવા પાછળ કોનો દોરીસંચાર કામ કરી રહ્યો છે?

નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) એ ૨૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની ઓફર ફોર સેલ માટે રોશ્સચાઈલ્ડને સ્વતંત્ર સલાહકાર તરીકે પસંદ કર્યા તેને કારણે વિવાદનો મધપૂડો છંછેડાઈ ગયો છે અને ભારતનાં જૂનાં જખમો તાજાં થયાં છે. આજની નવી પેઢીને કદાચ ખબર નહીં હોય પણ ભારતને ગુલામ બનાવનારી ઈસ્ટ ઈંડિયા કંપનીના મુખ્ય માલિકોમાં રોશ્સચાઈલ્ડ પરિવારની પણ ગણના થતી હતી. થોડા સમય પહેલાં પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈ દ્વારા ભારતમાં નકલી ચલણી નોટો ઘુસાડવાનું જે ષડયંત્ર ચાલતું હતું, તેમાં પણ પડદા પાછળ રોશ્સચાઈલ્ડ કંપની કામ કરી રહી હતી. રોશ્સચાઈલ્ડ કંપની લગભગ ૨૦૦ વર્ષનો વિવાદાસ્પદ ઇતિહાસ ધરાવે છે. વોટરલૂના યુદ્ધમાં નેપોલિયન હારી ગયો ત્યારે રોશ્સચાઈલ્ડ ફેમિલી દ્વારા જૂઠી અફવા ફેલાવી દેવામાં આવી હતી કે બ્રિટન હારી ગયું છે. તેને કારણે ગભરાટમાં આવી ગયેલા બ્રિટીશરો દ્વારા બેન્ક ઓફ ઇંગ્લેન્ડના શેરો પાણીના ભાવે વેચી દેવામાં આવ્યા હતા, જે રોશ્સચાઈલ્ડે તરત ખરીદી લીધા હતા, જેના થકી બેન્ક ઓફ ઇંગ્લેન્ડ પર તેની માલિકી પ્રસ્થાપિત થઈ ગઈ હતી. આજે પણ દુનિયાનું સંચાલન કરતાં ૧૩ પરિવારોની ચાદીમાં રોશ્સચાઈલ્ડનો સમાવેશ થાય છે.

વૈશ્વિક નાણાંકીય ક્ષેત્રમાં કેટલાંક નામો તેમની બેલેન્સ શીટને કારણે પ્રખ્યાત છે, જ્યારે અન્ય તેમના ઇતિહાસ અને દંતકથાઓ માટે જાણીતાં છે અને રોશ્સચાઇલ્ડ એન્ડ કંપની તેમાંની બીજી શ્રેણીમાં આવે છે. રોશ્સચાઈલ્ડ એક એવી પેઢી છે, જે હંમેશા પૈસા અને શક્તિના આંતરછેદ પર રહી છે. યુદ્ધ, સામ્રાજ્ય અને કટોકટી દરમિયાન, તેણે શાંતિથી નાણાં પૂરા પાડ્યા છે, પુનર્ગઠન કર્યું છે અને એવાં પરિણામો આપ્યાં છે, જે ભાગ્યે જ પુસ્તકોમાં આવે છે. તેનાં પ્રશંસકો તેને સ્થિર અને વિશ્વસનીય માને છે, તેના ટીકાકારો તેને અણનમ તરીકે ફગાવી દે છે અને સામાન્ય લોકો તેને કાચી શક્તિ તરીકે સમજે છે. કોઈ પણ દૃષ્ટિકોણથી, આ નામ તેની હાજરી સાથે પ્રભાવ પાડે છે. દુનિયામાં જેને ડીપ સ્ટેટ તરીકે માનવામાં આવે છે, તેનો મુખ્ય હિસ્સો રોશ્સચાઈલ્ડ છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જના IPO માટે રોશ્સચાઈલ્ડની પસંદગી શા માટે કરવામાં આવી? આ નિર્ણય કોણે કર્યો? તેના જવાબો મળતા નથી. ભારતના સ્થાનિક બેન્કરો પણ મોટા IPO ને હેન્ડલ કરી શકતા હતા, પરંતુ રોશ્સચાઈલ્ડ એવા રૂમમાં ઉપયોગમાં લેવાતી સૂક્ષ્મ શક્તિથી કાર્ય કરે છે, જ્યાં સાર્વત્રિક નાણાંકીય લિવર શાંતિથી ફરે છે. સ્વતંત્ર સલાહકાર તરીકે રોશ્સચાઇલ્ડનું સ્થાન ફક્ત પ્રતીકાત્મક નથી.

તે કંપનીને NSE IPO આર્કિટેક્ચર, માલિકી સ્તરો, શેર માળખાં, રોકાણકારોની પસંદગીઓ અને કિંમત નિર્ધારણ વ્યૂહરચનાઓમાં સંપૂર્ણ સત્તા આપે છે. ખોટાં કાર્યોની ગેરહાજરીમાં પણ, આ સ્તરની પહોંચ એક વ્યૂહાત્મક લાભ બનાવે છે, જે રોશ્સચાઈલ્ડ કંપનીને અન્ય કોઈ પણ કંપની કરતાં મૂડીના માર્ગને સમજવા અને સંભવિત રીતે પ્રભાવિત કરવાની મંજૂરી આપે છે. આવાં બજારોમાં, જ્ઞાન પોતે જ લીવરેજ બની શકે છે, જે નક્કી કરે છે કે માળખાકીય તકોનો લાભ કોને મળી શકે છે. ચીન તેના મૂડીબજારને સખત રીતે સુરક્ષિત રાખે છે અને રોશ્સચાઇલ્ડ જેવા વિદેશી સલાહકારોને નજીક આવવા દેતું નથી. તેનાથી વિપરીત, ભારતે એક અલગ જોખમી રસ્તો પસંદ કર્યો છે. રોશ્સચાઈલ્ડ પરિવારનો પાકિસ્તાન સાથેનો સંબંધ ઊંડો છે. ૧૯૮૮માં બેનઝીર ભુટ્ટોની નવી ચૂંટાયેલી સરકારે ખાનગીકરણની વ્યૂહરચના બનાવવા અને સરકારી કંપનીઓના વેચાણ માટે ઉમેદવારોની યાદી બનાવવ